જા.ક્ર.:મા-૨/૨૦૨૪/ 13193

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.0૨/૦૯/૨૦૨૪.

પ્રતિ,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ. સુરત.

આ સાથે સામેલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરતના તા.૦૨/૦૯/૨૦૨૪ના પત્રક્રમાંક ડાયેટ/સુરત/VSK/૨૦૨૪-૬૦૮૫-૬૦૮૮ની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

નવીનચંદ્ર મફતલાલ ઉદ્યાન રોડ, સ્વપ્ન સૃષ્ટી રેસી. પાસે, જીયાવ બુડિયા રોડ, ભેસ્તાન - 395023

Phone:(0261)2995466, 2996466 E-mail: dietsurat@gmail.com Website: dietsurat.org


જા. ક્રમાંક/ડાયેટ/સુરત/VSK/2024- -6085-6088- તા : 2/9/24

પ્રતિ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિ. સુરત

(૨) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કચેરી, જિ. સુરત

(૩) એડી. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત

વિષય : ખાનગી / સ્વ-નિર્ભર અથવા બિન-અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એટેન્ડન્સ, એસેસમેન્ટ, એડમિનિસ્ટ્રેશન અને એક્રેડિટેશનના મોનિટરીંગ અને દેખરેખ બાબત.

સંદર્ભ : એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગરના પત્ર ક્રમાંક : **SSA/MIS/2024/38178-276, તા.30/08/2024**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK) ને જિલ્લા અને તાલુકા કક્ષા સહિત વિવિધ સ્તરે ડેટા મેનેજમેન્ટ માટે વિકસાવવામાં આવ્યું છે. જે અન્વયે, VSK નું એક મહત્વપૂર્ણ કાર્ય NEP 2020ના અમલીકરણ પર દેખરેખ રાખવાનું છે.

શિક્ષા મંત્રાલય, ભારત સરકારના D.O.No.1-34/2022/DIGED-Part(2) તા.૧૫.૦૭.૨૦૨૪થી બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર (RTE) અધિનિયમ 2009 અને NEP 2020ની જોગવાઈઓનું પાલન કરાવવા માટે વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK)ના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો મહત્તમ લાભ લેવા જણાવેલ છે.

આ સંદર્ભમાં, જિલ્લાની તમામ પ્રકારની સરકારી અને ગ્રાન્ટેડ / અનુદાનિત શાળા/ ખાનગી શાળાઓને એટેન્ડન્સ, એસેસમેન્ટ, એડમિનિસ્ટ્રેશન અને એક્રેડિટેશન કે અન્ય તમામ પ્રકારની

02/9/24

Scanned with CamScanner

માહિતી સમયસર ઓન લાઈન કરવા તથા VSK ૨.0 સુરત (ડાયેટ સુરત) તરફથી અપાતી સૂચનાનું પાલન કરવા આપની કક્ષાએથી તમામ શાળાઓને જાણ કરવા વિનંતી છે.

બિડાણ : સંદર્ભપત્રની નકલ.

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરત

સવિનય નકલ રવાના :
૧) નિયામકશ્રી, જીસીઇઆરટી, સેક્ટર-૧૨, ગાંધીનગર

Scanned with CamScanner

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર-૧૭
ગાંધીનગર-૩૮૨૦૧૭, ગુજરાત.
ફોન : (૦૭૯) ૨૩૨૩૪૪૧૩
E-mail : aspd-gcsess@gujarat.gov.in

ડો.એમ.એમ.પટેલ, GAS
એડી .સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા

ક્માંક: SSA/MIS/2024/૭/૧૧૮-૨૦૬

તા. ૩૦/૦૮/૨૦૨૪

પ્રતિ,

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેક્ટ કચેરી, જિ. તમામ

(૨) એડી. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
કોર્પોરેશનઃ અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ,
જિ.તમામ

(૪) પ્રાચાર્યશ્રી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
જિલ્લાઃ તમામ

**વિષયઃ ખાનગી / સ્વ-નિર્ભર અથવા બિન-અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એટેન્ડન્સ, એસેસમેન્ટ, એડમિનિસ્ટ્રેશન અને એક્રેડિટેશનના મોનિટરીંગ અને દેખરેખ બાબત.**

**સંદર્ભઃ (૧) શિક્ષા મંત્રાલય, ભારત સરકારના D.O.No.1-34/2022/DIGED-Part(2) તા.૧૫.૦૭.૨૦૨૪**

**(૨) અત્રેની કચેરીની તા.૨૯.૦૮.૨૦૨૪ની નોંધ પર માન. એસપીડીશ્રીની મળેલ મંજૂરી**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK) એ તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં અને રાષ્ટ્રીય સ્તરે વહીવટી અને શૈક્ષણિક પ્રવૃત્તિઓના રીઅલ-ટાઇમ મોનિટરીંગ અને કાર્યક્ષમતાને સુનિશ્ચિત કરવા માટે પ્રણાલીગત ડેટાના સુપર કનેક્ટર તરીકે ઉભરી રહ્યું છે. VSK ને જિલ્લા અને તાલુકા કક્ષા સહિત વિવિધ સ્તરે ડેટા મેનેજમેન્ટ માટે વિકસાવવામાં આવ્યું છે. જે અન્વયે, VSK નું એક મહત્વપૂર્ણ કાર્ય NEP 2020 ના અમલીકરણ પર દેખરેખ રાખવાનું છે.

શિક્ષણનો અધિકાર અધિનિયમ (RTE), 2009 મુજબ પૂર્વ પ્રાથમિક સહિત 6 થી 14 વર્ષની વયના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર છે. કેન્દ્રીય પુરસ્કૃત યોજના સમગ્ર શિક્ષા હેઠળ, NEP 2020 સાથે સુસંગત શાળાકીય શિક્ષણના તમામ સ્તરે અમલી બનાવવાના થતા મુખ્ય ઈનીશીએટીવમાં RTE અધિકારનો પણ સમાવેશ થાય છે જેના માટે કેન્દ્ર સરકાર દ્વારા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

Scanned with CamScanner

શિક્ષણનો અધિકાર અધિનિયમ (RTE), 2009ની મુખ્ય જોગવાઈઓ કે જે વિદ્યાર્થીઓની Life Cycle, લર્નિંગ આઉટકમ અને તેના મોનિટરીંગ માટે યોગ્ય સત્તાધિકારીની જવાબદારી નિયત કરવા પર ભાર મૂકે છે, તેની વિગતો નીચે મુજબ છે.

**કલમ 8 (f) - "પ્રારંભિક શિક્ષણ માટે દરેક બાળકનો શાળા પ્રવેશ, હાજરી અને પૂર્ણતાની ખાતરી કરીને તેનું મોનિટરીંગ કરવું"**

**કલમ 8(G) - "શિડ્યૂલમાં ઉલ્લેખિત ધારાધોરણો અને નિયમોને અનુરૂપ સારી ગુણવત્તાયુક્ત પ્રારંભિક શિક્ષણ સુનિશ્ચિત કરવું"**

**કલમ 12(3) - "કોઈ પણ કિસ્સામાં, દરેક શાળાએ સરકારની યોગ્ય એજન્સી અથવા સ્થાનિક સત્તાધિકારી દ્વારા જરૂરી હોય તેવી માહિતી પૂરી પાડવી આવશ્યક છે"**

આથી, શિક્ષા મંત્રાલય, ભારત સરકારના D.O.No.1-34/2022/DIGED-Part(2) તા.૧૫.૦૭.૨૦૨૪થી બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર (RTE) અધિનિયમ 2009 અને NEP 2020 ની જોગવાઈઓનું પાલન કરાવવા માટે વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK)ના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો મહત્તમ લાભ લેવા જણાવેલ છે.

આ સંદર્ભમાં, સરકારી અને ગ્રાન્ટેડ / અનુદાનિત શાળાઓ જે રીતે સમયબધ્ધ રીતે સરકાર દ્વારા નિર્ધારિત માહિતી એકત્રિકરણ પત્રકોમાં માહિતી પૂરી પાડવામાં આવે છે, તે જ રીતે ખાનગી / સ્વ-નિર્ભર અથવા બિન-અનુદાનિત શાળાઓએ વહેલી તકે એટેન્ડન્સ, એસેસમેન્ટ, એડમિનિસ્ટ્રેશન અને એક્રેડિટેશન વગેરે જેવા ક્ષેત્રો માટે વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK) અંતર્ગત સ્થાનિક સત્તાધિકારી મારફત નિયમિત ડેટા પૂરા પાડવાનું ફરજિયાતપણે શરૂ કરાવવા આપની કક્ષાએથી યોગ્ય આદેશ, સમીક્ષા તથા મોનિટરીંગ કરવા આથી જણાવવામાં આવે છે.

( ડો.એમ.એમ.પટેલ )
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**સવિનય નકલ રવાના ખાનગી / સ્વ-નિર્ભર અથવા બિન-અનુદાનિત શાળાઓએ ફરજિયાતપણે ડેટા પૂરા પાડવા અંગેના ઠરાવ બહાર પાડવાની વિનંતી સહ :-**

- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સેક્ટર-૧૯, ગાંધીનગર

**સવિનય નકલ રવાના:-**

(ખાનગી / સ્વ-નિર્ભર અથવા બિન-અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK) અંતર્ગત સ્થાનિક સત્તાધિકારી મારફત નિયમિત ડેટા પૂરા પાડવાનું ફરજિયાતપણે શરૂ કરાવવા એડવાઈઝરી જારી કરવા બાબત)

- નિયામકશ્રી, શાળાઓ, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી , સેક્ટર-૧૯, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- નિયામકશ્રી, જીસીઈઆરટી, સેક્ટર-૧૨, ગાંધીનગર

Scanned with CamScanner